મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૦૨-૦૯-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૩૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

## બોલ માંડી અંબે જય જય અંબે : યાત્રાધામ અંબાજી ખાતે તા.૭ સુધી ભાદરવી પુનમનો મહામેળો

# યાત્રાધામ અંબાજીમાં શકિત, ભકિત અને શ્રધ્ધાના મહાકુંભનો પ્રારંભ

(ગરવી તાકાત) અંબાજી,તા.૧

યાત્રાધામ અંબાજીમાં સાત દિવસ સુધી ચાલનારા ભક્તિ મહોત્સવમાં ૩૦ લાખથી વધુ પદયાત્રી ઉમટી પડવાનો અંદાજ : માઈભક્તો માટે ઠેર-ઠેર સેવાકેમ્પોનું આયોજનપર શક્તિપીઠો પૈકી એક મહત્વની ગણાતી શક્તિપીઠ અંબાજીમાં આજથી આસ્થાના મહાકુંભ એવા ભાદરવી પૂનમના મહામેલાનો પ્રારંભ થયો છે.

આગામી ? સપ્ટેમ્બર સુધી આ માલનારા આ મેળામાં ગુજરાત સતિત અન્ય રાજયોમાંથી પદયાત્રા કરી લાખો માઈ ભક્તોએ અંબાજી પ્રયાણ કર્યું છે.

રસ્તામાં બોલ મારી અંબેના નાદ સાથે યાત્રિકો આગળ વધી રહ્યા છે. રસ્તા ઉપર માઁ અંબેનો જય જયકાર અને ભક્તિમય વાતાવરણ જોવા મળી રહ્યું છે. પદયાત્રીકોને અગવડતા ન પડે તે માટે ઠેર-ઠેર સેવા કેમ્પ શરૂ થયા છે.

આધુનિક યુગમાં પણ લોકોની આસ્થા અકબંધ છે. દર વર્ષે યોજાતા ભાદરવી પુનમના મેળામાં લાખોની સંખ્યામાં માઈભકતો મા અંબાના દર્શન કરી નવરાત્રિ નિમિત્તે પોતાના ગામથી અંબાજી ભાદરવી મેળામાં જવા નીકળી ગયા છે.



### અંબાજી મેળામાં સેવાનો અનોખો મહિમા

વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ અંબાજી મંદિરે દર ભાદરવી પૂનમે પુનમિયો મેળો યોજાય છે જેમાં લાખો પદયાત્રીકો ગુજરાતના જુદા જુદા શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાંથી પગપાળા ચાલીને અંબાજી પહોંચે છે રસ્તામાં યાત્રિકોને જોઈ અગવડતા ન પડે તે માટે વહીવટી તંત્ર અને સામાજિક સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે.સમગ્ર ગુજરાતમાં માંથી વધુ સેવા કેમ્પો કાર્યરત થાય છે.

### બે અખંડ જ્યોતના એક સાથે દર્શન થાય

અંબાજીમાં માઁ નું મૂળ સ્થાનક ગબર પર સ્થિત છે. આ બંને અખંડ જયંત એકબીજાની સામ સામે આવી જાય છે. ગબ્બર ઉપરથી સીધા જ મંદિર જાહેતા દર્શન કરી શકાય છે ચાચર ચોકમાંથી ગબર મંદિરને જોઈને દર્શન કરી શકાય છે. વિશ્ર્વમાં આવું એકમાત્ર મંદિર છે કે જેમાં બે અખંડ જ્યોત સામ સામે આવેલી હોય અને તેમના ગર્ભ ગૃહ પણ સમસામે આવેલા છે.

### આ વર્ષે ૩૫ લાખથી વધુ પદયાત્રીકોનો અંબાજી આવવાનો અંદાજ છે

આ વર્ષે માઈભકત અને સેવાભાવી હિતેશભાઈ એ જણાવ્યું કે અંબાજી જતા માર્ગો પર માઈ ભક્તોની ભીડ ઉમટવા લાગી છે આ વર્ષે દર વર્ષ કરતા વધારે લોકો અંબાજી પહોંચશે. ૧૧ લાખ જેટલા પદયાત્રીકો અંબાજી આવવાનો અંદાજ છે.સેવા કેમ્પમાં દરરોજ હજાર પદયાત્રીકો ભોજન પ્રસાદ અને અન્ય સેવાનો લાભ લે છે. માઁ અંને પ્રત્યેની ભકતમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે જેમાં સૌથી વધારે જુવાનો પદયાત્રા કરી રહ્યા છે..

### અંબાજી પગપાળા યાત્રાળુઓ માટે વોટરપ્રૂફ ડોમની સુવિધા

સંબાજી મહામેળા દરમિશન પગપાળા યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આ વર્ષે ચાર અલગ-અલગ સ્થળોએ વોટરપ્રુફ ડોમ ઉભા કરવામાં આવ્યા છે. દાંતાથી અબાંજી માર્ગ પણ પાન ખોડીયાર-બલાની માર્બલ સામે વીર મહારાજ વચ્ચેની ખુલ્લી જગ્યા, હડાદથી અંબાજી આવતા માર્ગ પર કામાક્ષી મંદિર સામેની જગ્યા, જૂની કોલેજ ખાતે આવેલ ખુલ્લી જગ્યા તથા મીડલ વનની પાછળના ભાગની જગ્યા એમ કુલ ચાર સ્થળોએ આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

---


## યાત્રીઓ માટે સુરક્ષા અને સુવિધા માટે મહેસાણા પોલીસ દ્વારા વિવિધ સૂચનાઓ જાહેર કરવામાં આવી

# અંબાજી ખાતે યોજાનાર ભાદરવી પૂનમના મહામેળાને લઈને મહેસાણા પોલીસ દ્વારા યાત્રીઓના સુરક્ષા અને સલામતી માટે કરાઈ વ્યવસ્થા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણા જિલ્લામાં અંબાજી ખાતે યોજાનાર ભાદરવી પૂર્ણિમા મહામેળા-૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને જનતા તેમજ યાત્રીઓ માટે સુરક્ષા અને સુવિધા માટે મહેસાણા પોલીસ દ્વારા વિવિધ સૂચનાઓ જાહેર કરવામાં આવી છે.

મહેસાણા પોલીસ દ્વારા યાત્રીઓને સુરક્ષા માટેની અપીલ કરતા પોતાનો કિંમતી સામાન સાવધાનીપૂર્વક રાખવા, ખિસ્સા કાતરુથી સાવધાન રહેવા, નાના બાળકોની ખાસ કાળજી લેવી તથા તેમના ખિસ્સામાં નામ, સરનામું અને મોબાઈલ નંબર લખી આપવા, યાત્રાળુઓએ શક્ય હોય તો ફૂટપાથનો ઉપયોગ કરવા, માર્ગમાં આવતા વાહનોને ટ્રાફિક ન બને તે માટે રસ્તો આપવા, કોઈપણ બિનવારસી વસ્તુ જોવા મળે તો તેને અડકવી નહીં, તરત જ પોલીસ કન્ટ્રોલરૂમને જાણ કરવા સાથે પોલીસ તથા અન્ય સુરક્ષા કર્મચારીઓને સહકાર તેમજ સહયોગ આપવા જણાવાયું છે.




### યાત્રાધામ અંબાજીની પદયાત્રા અને ટ્રાફિક માટેની સૂચના

પદયાત્રીઓએ હંમેશા રોડની ડાબી બાજુએ ચાલવું. - રાત્રે ચાલતી વખતે રેફ્લેક્ટર સ્ટીકર અથવા ચમકતું કપડું પહેરવું. - જાહેર માર્ગ પર ભીડ ન કરવી જેથી ટ્રાફિક સમસ્યા ન ઊભી થાય. - આરામ માટે યોગ્ય વિસ્તારોનો ઉપયોગ કરવો. રોડ કે ડિવાઇડર ઉપર આરામ ન કરવો.વાહનો ફક્ત યોગ્ય પાર્કિંગમાં જ પાર્ક કરવા. જાહેર સ્થળે થૂંકવું નહીં. કચરો હંમેશા કચરાપેટીમાં નાખવો.

આકસ્મિક પરિસ્થિતિ માટે નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક નંબર જાહેર કરવામાં આવ્યો છે. આકસ્મિક જરૂરીયાત સમયે પોલીસ કંટ્રોલરૂમ, મહેસાણા - ૦૨૭૬૨-૨૨૨૧૩૩, વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન – ૦૨૭૬૫-૨૩૧૧૦૦, વિસનગર સિટી પોલીસ સ્ટેશન – ૦૨૭૬૫-૨૩૧૩૦૦, વડનગર સ્માર્ટ પોલીસ સ્ટેશન – ૦૨૭૬૧-૨૨૨૦૩૩, ખેરાલુ પોલીસ સ્ટેશન – ૦૨૭૬૧-૨૩૦૦૭૮, સતલાસણા પોલીસ સ્ટેશન– ૦૨૭૬૧-૨૫૩૩૪૧ પર સંપર્ક કરવા જણાવેલ છે.

---

## લાંઘણજ પોલીસ સ્ટેશનમાં ફરાર આઈસર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી

# મહેસાણા શંકુઝ વોટર પાર્ક પાસે આઈસરે કારને ટક્કર મારી ઊંઝાના દંપતિને ઈજાઓ પહોંચાડી ચાલક રફૂચક્કર થઈ ગયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

ઊંઝાથી ગાંધીનગર જઈ રહેલા એક પરિવારની કારને મહેસાણાના શંકુઝ વોટર પાર્ક પાસે એક આઈસર ટ્રકે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ બેભાન થઈ ગયા હતા, જ્યારે તેમના પતિને પણ નાની-મોટી ઈજાઓ થઈ છે.

અકસ્માત બાદ આઈસરનો ચાલક ગાડી મૂકીને ફરાર થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઊંઝાના મિતલબેન પટેલ, તેમના પતિ પીયૂષભાઈ પટેલ અને પુત્ર શૌર્ય (ઉં.વ. ૧૧) પોતાની કાર નંબર GJ 18 BB ૨૮૬૧માં ગાંધીનગર જઈ રહ્યા હતા. મહેસાણાના સંકુજ વોટર પાર્ક નજીક પહોંચતા, પાછળથી પૂરઝડપે આવી રહેલી આઈસર ગાડી નંબર GJ 02 XX ૪૨૭૮ના



ચાલકે તેમની કારને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી પ્રચંડ હતી કે, કારને ભારે નુકસાન થયું હતું અને કારમાં સવાર મિતલબેન પટેલને કમર અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જેના કારણે તેઓ બેભાન થઈ ગયા હતા.

અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકોનું ટોળું ઘટનાસ્થળે ભેગું થઈ ગયું હતું. લોકોએ તાત્કાલિક ઘાયલ મિતલબેનને નજીકની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા.

આ અકસ્માતમાં તેમના પતિ પીયૂષભાઈને પણ સામાન્ય ઈજાઓ પહોંચી હતી.અકસ્માત સર્જ્યા બાદ આઈસરનો ચાલક પોતાની ગાડી ઘટનાસ્થળે મૂકીને ભાગી ગયો હતો. સમગ્ર ઘટના અંગે લાંઘણજ પોલીસ



**ટક્કર એટલી પ્રચંડ હતી કે, કારને ભારે નુકસાન થયું હતું અને કારમાં સવાર મિતલબેન પટેલને કમર અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જેના કારણે તેઓ બેભાન થઈ ગયા હતા.**

સ્ટેશનમાં ફરાર આઈસર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

---

## સુંધા ચામુંડા, રણુજા, ઊંડી કાશ્મીર, જેસલમેર, બ્રહ્માજીનું મંદિર રેતનું રણ, અંબાજી જેવા સ્થળોએ

# મહેસાણાના વીર ભામાશા શૈલેષભાઈ પટેલ દ્વારા બહેનો તથા ભાઈઓને સ્વખર્ચે ધાર્મિક સ્થળોએ પ્રવાસ કરાવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

તાજેતરમાં પરા રામજી મિત્ર મહિલા મંડળ મહેસાણા દ્વારા વીર ભામાશા શૈલેષભાઈ એમ પટેલ ચોકસી એ ૧૮૦ બહેનોને અને ૨૦ ભાઈઓને રાજસ્થાનના વિવિધ સ્થળો જેવા કે સુંધા ચામુંડા ,રણુજા , ઊંડી કાશ્મીર ,જેસલમેર, બ્રહ્માજીનું મંદિર રેત નું રણ, અંબાજી જેવા સ્થળોએ તેમના સ્વખર્ચ છે બહેનોને પ્રવાસ કરાવ્યો પાંચ એસી ગાડી ની વ્યવસ્થા સવારે ચા નાસ્તો બપોરે જમવાનું સાંજે જમવાનું અને એસી હોલની અને એસી રૂમ ની સગવડ કરવામાં આવી હતી તમામ સ્થળોએ તેમના ખર્ચે બહેનોને વ્યવસ્થા પૂરી પાડી હતી તેમની સાથે રામજી મંદિર ના ટ્રસ્ટીશ્રીઓ મહેન્દ્રભાઈ ચોકસી, પ્રહલાદભાઈ પટેલ, અરવિંદભાઈ



ગુડ લક અને સેવાભાવી ભાઈઓ પણ આવેલા હતા શૈલેષભાઈએ લગભગ સાતથી આઠ લાખ રૂપિયાનો ખર્ચ કરીને બહેનોને દિલ ખોલીને જલસા કરાવ્યા હતા પાછલા એક વર્ષથી દર અગિયારસે માં ઉમિયા ની ધૂન ચાલે છે તેનો પ્રસાદ પણ તેમના તરફથી આવે છે મંડળની તમામ બહેનોને એક જ કલરની સાડીઓ ભેટ આપવામાં આવેલી છે આ દુનિયામાં હજુ પણ કળિયુગ ની અંદર વીર ભામાશા જેવા અને દાનવીર કર્ણ જેવા શૈલેષભાઈ જેવી વિભૂતિઓ સમાજમાં જોવા મળે છે મંડળની તમામ બહેનોએ ગણપતિની મૂર્તિ આપીને તેમનું સન્માન કર્યું અને ઉમિયા માતા સંસ્થાન ઊંઝા અને મહિલા સંગઠન મહેસાણા વતી શ્રીમતી મીનાબેન પટેલે ઉમિયા માનો ખેસ ઓઢાડીને સન્માન કર્યું

---

## યાત્રાધામ અંબાજી ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન

# વિસનગર એસટી ડેપોએ શ્રદ્ધાળુઓની સુવિધા માટે ૪૦ વધારાની બસો દોડાવવામાં આવશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

અંબાજી ભાદરવી પૂનમના મહામેળા માટે વિસનગર એસટી ડેપોએ વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. લાખોની સંખ્યામાં માઈ ભક્તો મા અંબાના દર્શને પહોંચી રહ્યા છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે ડેપો દ્વારા ૪૦ વધારાની બસો દોડાવવામાં આવશે.

વિસનગર એસટી ડેપો ખાતે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞ બાદ બસોને અંબાજી તરફ રવાના કરવામાં આવી હતી. યાત્રાળુઓની સગવડ માટે ૨૪ કલાક બસ સેવા ઉપલબ્ધ રહેશે. વધારાની બસો માટે અલગ પોઈન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રથમ દિવસે ત્રણ વધારાની બસો મોકલવામાં આવી હતી. શ્રદ્ધાળુઓની સંખ્યા વધતા વધુ બસો



દોડાવવામાં આવશે. એસટી ડેપો મેનેજર એચ.એસ.ઝાલાએ માઈ ભક્તોને આ સેવાનો લાભ લેવા અપીલ કરી છે.

આ પ્રસંગે પાંચ નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ખુશાલભાઈ પટેલ, તાલુકા સંઘના ચેરમેન મુકેશભાઈ ચૌધરી, ભાજપના પદાધિકારીઓ અને એસટી ડેપોના કર્મચારીઓ હાજર રહ્યા હતા.






# કટોકટી લાદવા પાછળનો હેતુ ભૂલશો નહીં

૧૯૭૫ થી ૭૭ સુધી કોંગ્રેસ સરકાર દ્વારા લાદવામાં આવેલી કટોકટી ભારતના લોકશાહી ઈતિહાસનો સૌથી કાળો પ્રકરણ છે. તે સમયગાળા દરમિયાન, ઈન્દિરા સરકારે બંધારણની મૂળભૂત ભાવનાને બાજુ પર રાખી અને લોકશાહીની આત્મા, બંધારણીય સંસ્થાઓ, પ્રેસની સ્વતંત્રતા, ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને નાગરિક અધિકારો પર હુમલો કર્યો. કટોકટીનો સમયગાળો ભારતના લોકશાહી ઈતિહાસમાં એક કલંક જેવો છે. આ અંગે ઘણી ચર્ચા થઈ છે. પુસ્તકો પણ લખાયા છે, પરંતુ આ પાસાની બહુ ચર્ચા થઈ નથી કે કટોકટી લાદવા પાછળ ઈન્દિરા ગાંધીનો હેતુ શું હતો? જો ઈન્દિરા ગાંધી ૧૯૭૭માં ફરીથી સત્તામાં આવ્યા હોત, તો ભારતના લોકશાહી અને બંધારણના મૂળભૂત માળખા પર તેની શું અસર પડી હોત?

કટોકટી દરમિયાન કરવામાં આવેલ ૪૨મો બંધારણીય સુધારો બંધારણની મૂળ ભાવનાને બદલવાનો પ્રયાસ હતો. તેના મૂળમાં એક-પક્ષીય વ્યવસ્થા સ્થાપિત કરવાનો હેતુ હતો. એક રીતે, તે બંધારણને જ બદલવાનો પ્રયાસ હતો. આ સુધારા દ્વારા, ન્યાયતંત્રની સ્વતંત્રતા ઓછી કરવામાં આવી, નાગરિક અધિકારો મર્યાદિત કરવામાં આવ્યા અને ઈન્દિરા ગાંધીએ તેમની સરકારને અસાધારણ સત્તાઓ આપી.

કોંગ્રેસના મુખપત્ર નેશનલ હેરાલ્ડે કટોકટીના સમર્થનમાં તેના સંપાદકીયમાં લખ્યું કે દેશનો એક-પક્ષીય લોકશાહી તરફ આગળ વધવાનો સમય આવી ગયો છે. ઈન્દિરાના નજીકના સહયોગી બી.કે. નેહરુ, જે એક અનુભવી રાજદ્વારી પણ હતા, તેમણે કટોકટીની પ્રશંસા કરતા એક પત્રમાં લખ્યું હતું કે સંસદીય લોકશાહી આપણી જરૂરિયાતોનો જવાબ આપવા સક્ષમ નથી.

તેમણે ઈન્દિરા ગાંધીને વિનંતી કરી કે હવે જ્યારે તમારી પાસે બે-તૃતીયાંશ બહુમતી છે, તો બંધારણમાં મૂળભૂત ફેરફારો કરો. તેથી, એ શંકા પાયાવિહોણી નથી કે જો ઈન્દિરા ગાંધી ૧૯૭૭ માં સત્તામાં પાછા ફર્યા હોત, તો આ પ્રક્રિયા ઝડપી થઈ હોત. બંધારણના મૂળભૂત માળખાને નબળા બનાવવા માટે વધુ સુધારા લાવવામાં આવ્યા હોત, જેમ કે ન્યાયતંત્રની સ્વતંત્રતા, સંઘીય વ્યવસ્થા, નાગરિક અધિકારો અને ચૂંટણીની નિષ્પક્ષતા. તો ભારતની લોકશાહી ઓળખ જોખમમાં આવી હોત.

કટોકટી દરમિયાન, ઈન્દિરા ગાંધીએ અસંમત વિરોધી પક્ષો પર કડક નિયંત્રણો લાદ્યા, સેંકડો નેતાઓને જેલમાં ધકેલી દીધા અને ઘણા બિન-રાજકીય સંગઠનોના અવાજને પણ દબાવી દીધા. આ પાછળનો તેમનો હેતુ બહુપક્ષીય લોકશાહી વ્યવસ્થાને નબળી પાડવાનો અને દેશમાં એક-પક્ષીય વ્યવસ્થાને મજબૂત બનાવવાનો હતો. આ એક અલોકતાંત્રિક વિચાર હતો. આ હેઠળ, ઈન્દિરા ગાંધી કોંગ્રેસને એકમાત્ર રાજકીય શક્તિ બનાવવા માંગતા હતા.

જો આ પ્રયોગ સફળ થયો હોત, તો દેશની નિર્ણય લેવાની પ્રક્રિયા લોકશાહી વ્યવસ્થાને બદલે 'એક પક્ષ-એક પરિવાર' ની વ્યક્તિગત ઈચ્છાઓ દ્વારા ચલાવવામાં આવી હોત. કટોકટી દરમિયાન, નોકરશાહીને કોંગ્રેસ પાર્ટીના એજન્ડા પ્રત્યે વફાદાર બનાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. યોગ્યતા અને ન્યાયીપણાને અવગણીને, ફક્ત વફાદારીના આધારે પ્રમોશન આપવામાં આવ્યા હતા. કટોકટી દરમિયાન સમર્પિત નોકરશાહીનો ખ્યાલ પણ ઉભરી આવ્યો. જો ૧૯૭૭ માં કોંગ્રેસ સરકાર ફરીથી રચાઈ હોત, તો એવી દરેક આશંકા હતી કે આ નીતિ વધુ આક્રમક રીતે લાગુ કરવામાં આવી હોત.યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, CAG, ચૂંટણી પંચ જેવી સ્વતંત્ર વહીવટી સંસ્થાઓને બિનઅસરકારક બનાવવામાં આવી હોત અને 'પ્રતિબદ્ધ નોકરશાહી' બનાવવામાં આવી હોત. કોંગ્રેસ દ્વારા સમયાંતરે આવા પ્રયાસો કરવામાં આવ્યા છે, તેથી આ આશંકા વધુ મજબૂત બને છે. દેશમાં લોકશાહીનો પાયો નાખનારાઓએ સ્વતંત્ર અને સ્વાયત્ત ન્યાયતંત્રની જોગવાઈ કરી હતી. ઈન્દિરા સરકારે પણ તેને સરકાર પ્રત્યે પ્રતિબદ્ધ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે પૂર્ણ કર્યા ૭ વર્ષ, દૂરના વિસ્તારોમાં ડિજિટલ અને કેશલેસ બેંકિંગને પ્રોત્સાહન આપ્યું : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ

# ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક દ્વારા માત્ર ૧૪૯માં 'પ્રીમિયમ આરોગ્ય બચત ખાતા'ની શરૂઆત

(ગરવી તાકાત) ઈડર તા.૧

ડાક વિભાગના ઉપક્રમ રૂપે સ્થાપિત ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે પોતાના આઠમા સ્થાપના દિવસે 'આપકા બેંક, આપકે દ્વાર' ની કલ્પનાને સાકાર કરતાં 'નાણાકીય સમાવેશ' અને 'ડિજિટલ ઈન્ડિયા' મિશનને નવી ગતિ આપવાનો સંકલ્પ પુનરાવર્તિત કર્યો. આ અવસરે ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે છેલ્લા સાત વર્ષોમાં આઈ.પી.પી.બી.એ ગ્રામીણ ભારત સુધી બેંકિંગ સેવાઓ પહોંચાડવામાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. આઈ.પી.પી.બી.નો હેતુ દરેક ભારતીયને ડિજિટલ રીતે સશક્ત બનાવવો અને આર્થિક સ્વતંત્રતા તરફ આગળ ધપાવવાનો છે. સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવામાં આ બેંક એક અસરકારક માધ્યમ બની ગયું છે. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રવ્યાપી શુભારંભ સાથે સ્થાપિત આઈ.પી.પી.બી. એ આજે મજબૂત આધાર ઊભો કર્યો છે. ઉલ્લેખનીય છે કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં ૧૮ લાખથી વધુ આઈ.પી.પી.બી. ખાતાઓ સંચાલિત થઈ રહ્યા છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઉત્તર ગુજરાતમાં આઈ.પી.પી.બી. દ્વારા અત્યાર સુધી ૨.૪૧ લાખથી વધુ લોકોનું સામાન્ય સુરક્ષા વીમો, સી.ઈ.એલ.સી. હેઠળ ૬.૪૪ લાખ લોકોનું ઘર બેઠા મોબાઈલ અપડેટ, ૫૫ હજારથી વધુ



બાળકોનું ઘર બેઠા આધાર નોંધણી કરવામાં આવ્યું છે. તદુપરાંત ૯૪ હજારથી વધુ લોકોને ૫૪ કરોડ રૂપિયાની ડી.બી.ટી. ચુકવણી કરવામાં આવી છે. આઈ.પી.પી.બી.ના ગ્રાહકોમાં ૪૮ ટકા મહિલાઓ છે, જે નારી સશક્તિકરણમાં બેંકની મહત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે.

ક્ષેત્રીય કાર્યાલય ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકની નવી પહેલની પ્રશંસા કરતાં પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે આઈ.પી.પી.બી.એ લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને માત્ર ?૧૪૯ માં 'પ્રીમિયમ આરોગ્ય બચત ખાતા'ની શરૂઆત કરી છે. આ ખાતું માત્ર તેમની આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરતું નથી, પરંતુ તેમની આરોગ્ય સંબંધિત જરૂરિયાતોનું પણ ધ્યાન રાખે છે. આ ખાતું વાસ્તવમાં બેંકિંગ અને આરોગ્ય સંભાળનો એક સંકલિત ઉકેલ છે, જે ખાસ કરીને ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં રહેતા લોકો માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. આ ખાતાના મુખ્ય ફાયદાઓમાં સામેલ છે: અમર્યાદિત ઑનલાઈન ડૉક્ટર પરામર્શ, દવાઓ અને ડાયગ્નોસ્ટિક ટેસ્ટ પર છૂટ, મફત ડોરસ્ટેપ બેંકિંગ અને પ્રાથમિક ડિજિટલ બેંકિંગ સુવિધાઓ. આ ખાતું ખાસ કરીને તેવા લોકો માટે લાભદાયક છે, જે બચત સાથે પ્રિવેન્ટિવ હેલ્થકેરનો લાભ પણ મેળવવા ઈચ્છે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે પોતાની સાત વર્ષની સફરમાં પેપરલેસ, કેશલેસ અને પ્રેઝન્ટલેસ બેંકિંગની કલ્પનાને ઘર-ઘર સુધી પહોંચાડીને સામાન્ય જનતાને સરળ, સુરક્ષિત અને સુલભ બેંકિંગ સેવાઓ પૂરી પાડી છે. આઈ.પી.પી.બી.એ ગ્રામ્ય ભારતની બેંકિંગ વ્યવસ્થા પૂર્ણતઃ બદલાવી નાખી છે. આઈ.પી.પી.બી.ના માધ્યમથી આજે પોસ્ટમેન અને ગ્રામિણ ડાક સેવક એક હરતું-ફરતું બેંક બની સેવા આપી રહ્યા છે.સી.ઈ.એલ.સી. દ્વારા ઘર બેઠા બાળકોની આધાર નોંધણી, મોબાઈલ અપડેશન, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ, ડી.બી.ટી. ચુકવણી, બિલ પેમેન્ટ, એઈ.ઈ.પી.એસ. દ્વારા બેંક ખાતામાંથી સીધી લેવડ-દેવડ, વાહન વીમા, આરોગ્ય વીમા અને અકસ્માત વીમા, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના જેવી યોજનાઓની સુવિધા આઈ.પી.પી.બી દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.

આ ઉપરાંત, આઈ.પી.પી.બી.માં એકાઉન્ટ ધરાવતા ગ્રાહકો પોતાના પોસ્ટઓફિસ ખાતા જેમ કે સુકન્યા સમૃદ્ધિ યોજના, આર.ડી., પી.પી.એફ. અને પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સમાં પણ ઑનલાઈન જમા કરી શકે છે. યાદવે ઉમેર્યું કે આઈ.પી.પી.બી. તે તમામ લોકોના જીવનને ઉત્તમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે, જેમને વીમા તથા અન્ય નાણાકીય સેવાઓ સુધી સરળ પહોંચ ઉપલબ્ધ નથી.

આઈ.પી.પી.બી.ના ચીફ મેનેજર અભિજીત ઝિભકાટે જણાવ્યું કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં ત્રણ દિવસીય અભિયાન ચલાવી લોકોને જનરલ ઈન્શ્યોરન્સ (જીઆઈ) અંગે જાગૃત કરવામાં આવ્યા. આ અભિયાન દરમિયાન ૬,૨૦૦ થી વધુ નવી જીઆઈ પોલિસી જારી કરીને નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી.

સહાયક નિર્દેશક રિતુલ ગાંધીએ જણાવ્યું કે આઈ.પી.પી.બી.એ પોતાના વિશાળ નેટવર્ક અને ડાક વિભાગની મજબૂત રચનાના માધ્યમથી નાણાકીય સમાવેશને વાસ્તવિકતા બનાવી છે.


## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ-ટેન્ડર સૂચના નં. 12 વર્ષ 2025-26 તારીખ 01/09/2025

| ક્ર. સં | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | ઇએમડી કિંમત (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-124-2025-26 | વિરમગામ અને માળિયા મિયાણા સ્ટેશન - સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ નવા 12 યુનિટ ટાઈપ-એલ ક્વાર્ટર્સનું બાંધકામ (સંયુક્ત ટેન્ડર) | 3,67,25,487.01 | 3,33,600.00 |
| 2 | DRM-ADI-125-2025-26 | અમદાવાદ વિભાગ - મોબાઈલ ફ્લેશ બટ વેલ્ડીંગ અને અન્ય આનુષંગિક ટ્રેક કાર્ય સાથે સ્થળ પર 60 કિગ્રા/52 કિગ્રા (90 UTS/72 UTS,R-260),(નવું/SH) (SR/SWR/LWR) રેલનું ફ્લેશ બટ વેલ્ડીંગ. | 36,22,22,494.57 | 19,61,100.00 |
| 3 | DRM-ADI-126-2025-26 | અમદાવાદ મંડળ - મોબાઈલ ફ્લેશ બટ વેલ્ડીંગ પ્લાન્ટનો ઉપયોગ કરીને રેલના ફ્લેશ બટ વેલ્ડીંગ દ્વારા વેલ્ડ નવીકરણ અને અન્ય આનુષંગિક ટ્રેક કાર્ય. | 36,59,69,819.15 | 19,79,900.00 |
| 4 | DRM-ADI-127-2025-26 | સહાયક વિભાગીય ઇજનેર-ગાંધીધામના અધિકારક્ષેત્રમાં FRM (ફ્રન્ટ રનર મશીન) દ્વારા રેલ, સ્લીપર્સ, પી એન્ડ સી સ્લીપર્સ અને છીછરા સ્ક્રીનીંગનું કેઝ્યુઅલ નવીકરણ.(ફરી આમંત્રિત) | 2,88,85,177.63 | 2,94,400.00 |
| 5 | DRM-ADI-128-2025-26 | SSE (P.Way) KLL ના અધિકારક્ષેત્ર હેઠળ નવા ખુલતા વિભાગ અદ્રજ મોતી-વિજાપુર (AJM-VJF) અને વિજાપુર-આંબલિયાસન (VJF-UMN) ની ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું 2 વર્ષ માટે આઉટસોર્સિંગ | 5,32,95,784.4 | 4,16,500.00 |
| 6 | DRM-ADI-129-2025-26 | ગાંધીધામ રેલવે કોલોની, સ્ટેશન, યાર્ડ અને પીટ લાઇન, SRVA સ્ટેશન, KDLP સ્ટેશન, એક કેબિન, GE લોકોમોટિવ શેડ અને ખારી રોહરમાં રોડ ટેન્કર દ્વારા પીવાના પાણીની સપ્લાય (01 વર્ષ માટે) | 1,61,18,053.25 | 2,30,600.00 |

**ટેન્ડરની અંતિમ તારીખ અને સમય:** તારીખ 23/09/2025 સમય 15:00 ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ,ડી.આર.એમ.ઓફિસ,ચામુંડા બ્રિજ પાસે,ન્યૂ સ્વદેશી મિલ સામે,નરોડા રોડ,અમદુપુરા,અમદાવાદ- ૩૮૨૩૪૫ ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની **વેબસાઈટ: www.ireps.gov.in** ADI 147

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


## રાધનપુરમાં પાડોશી વિવાદમાં મહિલા પર હુમલો:લોખંડની પાઈપથી પગ ભાંગ્યો, ઘર પર પથ્થરમારો; ૯ સામે ફરિયાદ

રાધનપુરના જેઠાસર વિસ્તારમાં પાડોશીઓ વચ્ચેના જૂના મનદુઃખમાં એક મહિલા પર જીવલેણ હુમલો થયો છે. હેતલબેન ઝંડાવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ૩૧ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે પાંચ મહિલાઓએ તેમના ઘરે આવી ગાળાગાળી શરૂ કરી હતી.હેતલબેને વિરોધ કરતા પ્રકાશભાઈ ઝંડાવડાએ લોખંડની પાઈપથી તેમના જમણા પગ પર હુમલો કર્યો હતો. બચાવવા આવેલા સાસુ રાશીબેનને પિંકીબેને ધક્કો મારી પાડી દીધા હતા. આરોપીઓએ બંનેને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ત્યારબાદ પ્રકાશભાઈ, ધીરુભાઈ, વિજયભાઈ અને યોગેશભાઈએ બાજુના મકાનના ધાબા પરથી પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં ઘરના સિમેન્ટના પતરા અને અન્ય સામાનને અંદાજે ૪,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

**વૃષભઃ** આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

**મિથુનઃ** આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતી રકમ હોવાનો આનંદ મળશે.

**કર્કઃ** તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.

**સિંહઃ** આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

**કન્યાઃ** કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે, તેથી તમારી વસ્તુઓનું ધ્યાન રાખો.

**તુલાઃ** આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

**વૃશ્ચિકઃ** આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઇક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

**ધનઃ** આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

**મકરઃ** આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો.

**કુંભઃ** આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે.

**મીનઃ** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે.

## ફિલ્મી ગપશપ

હવે લોકોને ત્રણ કલાકની ફિલ્મમાં રસ ઓછો થતો જાય છે...કેમ ?

### બે મિનિટનું બને છે...માઇક્રો ડ્રામા !!

મુંબઈ, તા.૧ : લાંબી ડેઈલી સોપ અને બિઝ વેબ સિરીઝ જોયા બાદ હવે ૨-૩ મિનિટના માઈક્રો ડ્રામાએ મનોરંજન જગતમાં ધૂમ મચાવી છે. આ ઝડપી ગતિના વ્યસનકારક વર્ટિકલ શો અમેરિકા અને ચીન પછી ભારતીય જનરલ ઝેડ પ્રેક્ષકોના પ્રિય બની ગયાં છે.

એક સમય હતો જ્યારે ક્યોંકી સાસ ભી કભી બહુ થી અને બાલિકા વધૂ જેવાં ડેઈલી સોપ્સ વર્ષોથી ટીવી પર ચાલતાં હતાં. ત્યાર બાદ ઓટીટીની એસ-૧૦ એપિસોડ વેબ સિરીઝ આવી. તે જ સમયે, હવે ૨ મિનિટના નાના માઈક્રો-ડ્રામાએ કન્ટેન્ટની દુનિયામાં એક મોટી ક્રાંતિ લાવી છે.

માંડ ૨થી ૪ મિનિટનાં સમયગાળાની ઝડપી રીલ્સની જેમ આ માઈક્રો-ડ્રામા વિશ્વભરમાં વધુને વધુ લોકપ્રિય બન્યાં છે. અમેરિકા અને ચીનમાં ધૂમ મચાવ્યા બાદ હવે ભારતમાં પણ આ વર્ટિકલ શોનો ટ્રેન્ડ ઝડપથી વધ્યો છે.

ખાસ કરીને મોબાઈલમાં જોવા માટે બનાવવામાં આવેલાં આ વર્ટિકલ શો માત્ર ૨થી ૪ મિનિટનાં જ હોય છે. જો કે, તેમનું કન્ટેન્ટ ઝડપી ગતિશીલ, લાઉડ, ઓવર-ધ-ટોપ અને ટ્વિસ્ટથી ભરેલું છે. અહેવાલો અનુસાર, છેલ્લાં એક વર્ષમાં વિશ્વવ્યાપી શોર્ટ ડ્રામા માર્કેટનો બિઝનેસ ૬.૫૪ અબજ ડોલરથી વધીને ૭.૨૧ અબજ ડોલર થયો છે.

જે ૨૦૩૦ સુધીમાં બમણું થવાની ધારણા છે. ચીનમાં માઈક્રો-ડ્રામાએ તેમનાં આખા વર્ષની બોક્સ ઓફિસ કરતાં વધુ કમાણી કરી હતી. હવે ભારતમાં પણ આ ટ્રેન્ડ વેગ પકડી રહ્યો છે. આનું ઉદાહરણ છે માઈક્રો ડ્રામા મેકર કુકુ ટીવી, જેની એપ એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં ૫૦ મિલિયનથી વધુ વખત ડાઉનલોડ કરવામાં આવી છે.

એ જ રીતે રીલ ટીવી, રિલીઝ, રીલ શોર્ટ્સ, ફ્લિક્રિએલ પણ ખૂબ જ ઝડપથી ઉભરી આવ્યાં છે. એટલું જ નહીં ઓછા ખર્ચે મોટો નફો આપતી આ માઈક્રો ડ્રામા ફિલ્મોમાં વિક્રમ ભટ્ટ જેવાં જાણીતાં ડાયરેક્ટર્સ અને એમએક્સ પ્લેયર, ઝી એન્ટરટેઈનમેન્ટ, ટીવીએફ જેવાં મોટા પ્લેટફોર્મમાં પણ રોકાણ કરી રહ્યાં છે.ઝી એન્ટરટેઈનમેન્ટના ચીફ ગ્રોથ ઓફિસર આશિષ સહગલ કહે છે, ×અમે મરાઠી, હિન્દી જેવી ઘણી ભાષાઓમાં માઈક્રો-ડ્રામા લઈને આવ્યાં છીએ. ખાસ વાત એ છે કે તેમનાં ગુણો સિનેમેટિક હોય છે, જે પ્રોફેશનલી બનાવવામાં આવે છે.

આ માઈક્રો ડ્રામા ન તો બિગ બજેટના હોય છે કે ન તો મોટા સ્ટાર્સ હોય છે. આવી સ્થિતિમાં, ફિલ્મ ઉદ્યોગમાં પોતાની ઓળખ બનાવવા માંગતા અભિનેતા-પ્રભાવકો માટે તે એક સારું પ્લેટફોર્મ સાબિત થઈ રહ્યું છે. નાના પડદા પર મેરી ડોલી મેરે અંગના, પતિ બ્રહ્મચારી જેવાં શો કરી ચૂકેલાં અભિનેતા વરશિપ ખન્ના કહે છે, ×મેં તાજેતરમાં જ કુકુ ટીવી માટે પહેલી વાર વર્ટિકલ શો સિક્રેટ અમ્પાયર કર્યો હતો. મને માઈક્રો ડ્રામાનો ખ્યાલ નહોતો. મેં વિચાર્યું કે વર્ટિકલ શોમાં ઓછા બજેટનું કામ હશે, પરંતુ ત્યાં યોગ્ય ત્રણ કેમેરાનું શૂટિંગ સેટ-અપ હતું.

'આપ'ની સભાથી ભાજપમાં અને ઉપલા કાંઠે નવા રાજકીય વાદળો બંધાયા : પ્રદેશ હાઇકમાન્ડે રિપોર્ટ પણ મંગાવ્યો

# ઇટાલીયા ગાજ્યા એવા વરસશે કે નહીં? 'આપ' ફોર્મમાં - ભાજપ ચિંતામાં!


(ગરવી તાકાત) અમદાવાદ તા.૧

વિસાવદરના હ્નઆપ'ના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ શનિવારે રાત્રે રાજકોટના ઉપલા કાંઠે પાટીદારોના પ્રભુત્વવાળા મત વિસ્તારમાં કરેલી મોટી સભાએ ભાજપની એક મોટી લોબીની આંખો પહોળી કરી નાંખી છે. આમ તો રાજકોટ ભાજપનો ગઢ રહ્યો છે, પરંતુ ધારાસભાની બે ચૂંટણી પહેલા કોંગ્રેસની જીત, ગત ચૂંટણી વખતે પણ આપના ઉમેદવારે મેળવેલા ૩૫ હજાર મતનો રેકોર્ડ કોર્પો.ના ચૂંટણી વર્ષમાં પાર્ટીને યાદ આવી ગયો છે.

હવે ચાર મહિનામાં મહાપાલિકાની ચૂંટણી આવવાની છે ત્યારે પાટીદાર સમાજને કોઈ અસંતોષ ન રહે તે માટે સમાજને સાથે રાખી શકે તેવા વધુને વધુ નેતાઓને જોડવાના પ્રયાસો આગળ વધે તે નિશ્ચિત બન્યું છે.

તાજેતરમાં ગણેશ ઉત્સવના પ્રારંભ સાથે વિધાનસભાની છેલ્લી ચૂંટણી બાદ પાર્ટીમાં સાઈડલાઈન દેખાડેલા પૂર્વ મંત્રી અને રાજકોટ-૬૮ના જ પૂર્વ ધારાસભ્ય અરવિંદ રૈયાણીને પ્રદેશમાંથી એકટીવ કરવા મેસેજ આવ્યો હતો. પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલે સાંસદ રામભાઈ મોકરીયા સાથે દિલ્હીમાં અમિતભાઈ શાહ તથા સંગઠન મહામંત્રી સાથે કરેલી મુલાકાતથી નવા રાજકીય વાદળા પણ બંધાયા છે.

આ સંજોગોમાં ગોપાલ ઈટાલીયાની સભા અને હવે ફરી આવનારી મુલાકાતો ભાજપ નેતાઓ પર ચિંતાના વાદળો વધારે તેવું વાતાવરણ છે. તો પ્રદેશ ભાજપે આ સભા અંગે રિપોર્ટ માંગ્યાનું પણ જાણવા મળ્યું છે.



રાજકોટમાં લેઉવા પટેલ સમાજનું પ્રભુત્વ છે. હાલ રાજકોટ-૭૦માં પટેલ ધારાસભ્ય છે. અગાઉની ચૂંટણીમાં બે-બે પાટીદારને પાર્ટીએ ટીકીટ આપીને ધારાસભ્ય બનાવ્યા હતા. પરંતુ છેલ્લી ચૂંટણી બાદ અને રાજકોટ, મનપા તથા ભાજપના રાજકારણમાં કદાવર જુથનો સૂર્ય ડૂબતા સંજોગો બદલાઈ ગયા છે. તેમાં પણ બે વર્ષમાં સત્તા અને સંગઠનમાં અસંતોષની છાપ વચ્ચે જાહેરમાં જુથવાદો અવારનવાર છલકાતા રહ્યા છે.

સામાકાંઠો પાટીદાર સમાજ વગર જીતવો ભાજપને અઘરો પડે તેવું ઘણા માને છે. આ વિસ્તારમાં પ્રભુત્વ ઉભુ કરાઈ તો ગ્રીન લેન્ડ ચોકડીથી મવડી ચોકડી સુધી એટલે કે પુરા રાજકોટના પાટીદાર સમાજને સીધા મેસેજ જઈ શકે તેવું માનીને જ આમ આદમી પાર્ટીએ ઉપલા કાંઠે સભા કર્યાનું માનવામાં આવે છે. આ સભામાં ૩૫ હજાર જેટલી મેદની પણ હતી. હવે મવડીમાં પણ થોડા સમય બાદ આપની સભા થાય તેવું સુત્રો કહે છે.

ગોપાલ ઈટાલીયાએ વિસાવદરમાં સર્જેલા વાવાઝોડાનો પવન છેક રાજકોટ સુધી પહોંચ્યો હતો. ગોપાલ ઈટાલીયા યુવા ધારાસભ્ય છે અને તેમની વાતો, વિચારો, ભાષા મોટા વર્ગને ગમે છે. પોલીસ સાથે કાયદા મુજબની સીધી ચર્ચા, ખાડાઓનો ત્રાસ, હેલ્મેટ પહેરવાથી લોકોની સલામતીની ગેરેંટી, નાનામાં નાના માણસના પ્રશ્નોને જ આગળ ધરવાની તેમની સ્ટાઈલમાં હાલ તો હ્નનાયક'ના દર્શન થઈ રહ્યા છે.

કોમન મેનના પ્રશ્નોને તેઓ છોડતા નથી. આ સંજોગોમાં પાયાના પ્રશ્નો પકડીને ગોપાલ ઈટાલીયા રાજકોટના અન્ય વિધાનસભા મત વિસ્તારના વોર્ડ સુધી પણ કોર્પો.ની ચૂંટણી પહેલા પહોંચવા માંગે છે. આ કારણે જ ભાજપ અને ભાજપના પાટીદાર નેતાઓ એલર્ટ બની ગયા છે. અરવિંદ રૈયાણીને પણ આ કાંઠે પાટીદાર નેતા તરીકે વધુ આગળ કરી શકે છે.રાજકોટમાં થોડા સમયથી પાટીદાર સમાજનો એક વર્ગ નારાજ હોવાનું પાર્ટીમાં અવારનવાર ચર્ચામાં આવે છે. ૨૦૧૫માં મહાપાલિકાની ચૂંટણીમાં ૧૧ પાટીદાર ઉમેદવારો હાર્યા હતા. જેમાં પૂર્વ પ્રમુખ સ્વ. ભીખાભાઈ વસોયા પણ હતા. અરવિંદ રૈયાણીને વોર્ડ બદલવા પાર્ટીએ આદેશ આપવો પડયો હતો.

### ગુજરાતમાં લીલાનાળિયેર (ત્રોફા)નું વાર્ષિક ઉત્પાદન ૨૬-કરોડ યુનિટથી પણ વધુ

# ઉત્પાદનનાં ૪૦ ટકા ત્રોફા દિલ્હી, પંજાબ, હરીયાણા, રાજસ્થાન અને એમ.પી.માં મોકલાય છે : રાઘવજી પટેલ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧

સમગ્ર વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને 'નાળિયેર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્વને સમજાવવા માટે આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે.



નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદન અને તેની નિકાસ કરતા પ્રથમ હરોળના દેશોમાં ભારત મુખ્ય સ્થાન ધરાવે છે.

નાળિયેરના ઉત્પાદન અને નિકાસમાં ગુજરાત મહત્તમ ફાળો આપી શકે તેમજ નાળિયેરના વાવેતરથી ખેડૂતો મહત્તમ આવક મેળવી શકે તેવા ઉમદા આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર નાળિયેરી વિકાસને પુષ્કળ પ્રોત્સાહન આપી રહી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે નાળિયેર દિવસ સંદર્ભે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં નાળિયેરી વિકાસની સુવર્ણ કેડી કંડારી હતી. જેના ફળસ્વરૂપે આજે ગુજરાતમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન સતત વધી રહ્યું છે. છેલ્લા એક દાયકામાં જ નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૫,૭૪૬ હેક્ટરનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪-૧૫માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૨,૪૫૧ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૨૮,૧૯૭ હેક્ટર સુધી પહોંચ્યો છે. અત્યારે ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૬.૦૯ કરોડ યુનિટથી પણ વધુ છે.

ગુજરાતમાં ઉત્પાદન થતા કુલ નાળિયેરમાંથી મુખ્યત્વે નાળિયેરનું ત્રોફા તરીકે ઉત્પાદન થાય છે. ગુજરાતમાં ઉત્પાદિત થતા આશરે ૪૦ ટકા જેટલા નાળિયેરની દિલ્હી, પંજાબ, હરિયાણા રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસ કરવામાં આવે છે.

બારે માસ મળતા નાળિયેરની માંગ ઉનાળામાં એટલે કે, માર્ચથી જૂન મહિના દરમિયાન સૌથી વધુ હોય છે. આ ઉપરાંત ૫ ટકા નાળિયેરનું ખેડૂતો પોતાના માટે અને બીજ તરીકે ઉત્પાદન કરે છે.

### સવારની એર ઈન્ડિયાની મુંબઈ ફલાઈટ પુનઃ શરૂ થતા પ્રથમ દિવસે ૧૩૦ આગમન અને ૧૪૦ મુસાફરોએ પ્રસ્થાન કર્યુ

# ઓગષ્ટ માસમાં ૯૦ હજારથી વધુ હવાઈ યાત્રીકો નોંધાયા

રાજકોટ,તા.૧

રાજકોટના હીરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં જુલાઈ માસની સરખામણીએ ઓગષ્ટ માસમાં હવાઈ મુસાફરોની સંખ્યામાં વધારો નોંધાયો છે. ગત જુન માસમાં અમદાવાદમાં પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ જુલાઈ માસમાં મુસાફરોએ ડરના માર્યા હવાઈ મુસાફરી ટાળી હતી પરંતુ ઓગષ્ટ માસમાં જન્માષ્ટમી તહવારોની રજાઓમાં હવાઈ મુસાફરોની સંખ્યામાં ફરી વધારો નોંધાયો હતો.

રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ગત જુલાઈ માસમાં ૮૬૩૫૩ મુસાફરોનું આગમન-પ્રસ્થાન નોંધાયું હતું. જેની સરખામણીએ ગત ઓગષ્ટ માસમાં ૪૬૪૧૮ આગમન અને ૪૪૨૩૧ પ્રસ્થાન મળી કુલ ૯૦૬૪૯ મુસાફરોનું આગમન-પ્રસ્થાન નોંધાયું હતું. ઓગષ્ટ માસમાં ૨૫૫ ફલાઈટનાં ઉડ્ડયનમાં ડેઈલી સરેરાશ ૨૯૦૦ને પાર મુસાફરો નોંધાયા



હતા.ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આજે તા.૧લી સપ્ટેમ્બરથી એર ઈન્ડિયાની સવારની મુંબઈ-રાજકોટ- મુંબઈ ફલાઈટ પુનઃ શરૂ થતા ૧૩૦ આગમન ૧૪૦ મુસાફરોનું પ્રસ્થાન નોંધાયુ હતું.

એર ઈન્ડિયાની સવારની મુંબઈ ફલાઈટ શરૂ થતા હવે સવારે મુંબઈ જવા બપોરે એક સાંજે બે ફલાઈટ મળી કુલ પાંચ ફલાઈટ ઉડતા હવાઈ મુસાફરોને મુંબઈ આવવા-જવાનું સરળ બન્યું છે. હવાઈ મુસાફરોની સંખ્યા વધી રહી છે. આગામી નવરાત્રી દિવાળીના તહેવારોમાં તમામ ફલાઈટોમાં ટ્રાફીક જોવા મળશે.

# ધોરણ ૧૦ અને ૧૨ની પેપર સ્ટાઈલમાં ફેરફાર શિક્ષણબોર્ડ દ્વારા પ્રશ્નપત્રોનું નવું પરિરૂપ જાહેર




ગાંધીનગર તા.૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાને લઈને મહત્ત્વપૂર્ણ ફેરફાર કર્યો છે.અગાઉ બોર્ડની પરીક્ષામાં સામાન્ય વિદ્યાર્થી અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર લખવામાં મૂંઝવણ ઊભી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેમાં કેટલાક વિદ્યાર્થીઓએ દ્રષ્ટિહીન માટેના પ્રશ્નોના જવાબો લખી નાખ્યા હતા. ગુજરાત શિક્ષણ બોર્ડે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધોરણ-૧૦ અને ૧૨ના પ્રશ્નપત્રને લઈને પરિપત્ર જાહેર કર્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મુજબ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના ગણિત, સામાન્ય વિજ્ઞાન, અંગ્રેજ, અર્થશાસ્ત્ર સહિતના વિષયોના પ્રશ્નપત્રોમાં ચિત્ર/આકૃતિ/ગ્રાફ/નકશા આધારિત પ્રશ્નોમાં દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક પ્રશ્નો આપવા મામલે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ નોંધ લેવા જણાવ્યું છે.સમગ્ર મામલે શિક્ષણમંત્રીએ પ્રફૂલ્લ પાનસેરિયાએ કહ્યું હતું કે, 'ગત વર્ષે બોર્ડની પરીક્ષામાં સામાન્ય અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રમાં મૂંઝવણ ઊભી થઈ હતી. જેમાં દ્રષ્ટિહીન વિદ્યાર્થી માટેના સવાલો સામાન્ય વિદ્યાર્થીએ લખ્યાં હોવાનું સામે આવ્યું છે, ત્યારે સરકારે આ ક્ષતિને દૂર કરીને ધોરણ ૧૦-૧૨ના પશ્નપત્રમાં આવશ્યક ફેરફાર કરવામાં આવ્યા છે.'

### રાજય સરકારની પોલ કેન્દ્ર સરકારે જ ખોલી નાંખી

# ગુજરાતમાં અત્યોદય રેશન કાર્ડની સંખ્યામાં 33 હજારનો ઘટાડો નોંધાયો!

અમદાવાદ,તા.૧

અત્યાર સુધી હજારો કીલો મફત અનાજ વિતરણ કરી ભાજપ સરકારે વાહવાહી મેળવી લીધી. હવે જ્યારે કેન્દ્ર સરકારે જ પોલ ખોલી છે કે,ગુજરાતની

અડધોઅડધ જનતા મફત અનાજ લેવા મજબૂર બની છે ત્યારે રાજ્ય અન્ન પૂરવઠા વિભાગે ૫૫ લાખ શંકાસ્પદ રેશનકાર્ડ રદ કરવા કવાયત શરૂ કરી છે.



આ ઉપરાંત એક બાજુ, ગુજરાતમાં ગરીબ પરિવારોની સંખ્યા વધી રહી છે ત્યારે બીજી બાજુ, ૩૫ કિલો મફત અનાજ લેનારાં પરિવારોની સંખ્યા ઘટી હોવાનો ખુલાસો થયો છે. ટૂંકમાં, સમૃદ્ધ ગુજરાતનો દેખાડો કરવા સરકારે ધમપછાડાં કર્યાં છે. એક રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં અંત્યોદય કાર્ડની સંખ્યામાં ય ૩૩ હજારનો ઘટાડો થયો છે.

સામાન્ય રીતે ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને અંત્યોદય કાર્ડ હેઠળ ૩૫ કિલો ઘઉં,ચોખા સહિત અન્ય અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે. કેન્દ્રીય અન્ન પુરવઠા મંત્રાલયના એક રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૧માં ૮.૧૦ લાખ અંત્યોદય કાર્ડ હેઠળ ગરીબ પરિવારોને વિનામુલ્યે અનાજ આપવામાં આવતુ હતુ જ્યારે વર્ષ ૨૦૨૫માં વિનામુલ્યે અનાજ લેનારા કાર્ડધારકોની સંખ્યા ૭.૭૭ લાખ થઈ ગઈ છે.

છેલ્લાં પાંચેક વર્ષમાં અંત્યોદય કાર્ડ ધારકોની સંખ્યામાં ૩૩ હજારનો નોંધપાત્ર ઘટાડો થયો છે

હવે એક તરફ, ગુજરાતમાં ગામડાઓમાં ગરીબ પરિવારોની સંખ્યા ૭૫.૩૫ લાખ છે જ્યારે શહેરી વિસ્તારોમાં ૨૬.૮૮ લાખ ગરીબ પરિવારો છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં વિકાસના ગાણાં ગવાઈ રહ્યાં છે ત્યારે ગરીબીનું બિહામણુ ચિત્ર ઉપસ્યુ છે. ગરીબ પરિવારોની સંખ્યા વધી રહી છે ત્યારે ૩૫ કિલો અનાજ લેનારાં ઘટી રહ્યાં છે તે વાત ગળે ઉતરે તેમ નથી.

### કોંગ્રેસની વોટર અધિકાર યાત્રા : વોટ ચોરી વિરૂધ્ધ ગાંધીનગર ખાતે કોંગ્રેસ વિધાનસભાનો ઘેરાવ કરશે

# ડિસેમ્બર ૨૦૨૭ સુધી એક એક ઘર અને બુથ સુધી પહોંચી કોંગ્રેસ વોટર વેરીફીકેશન કરી વોટ ચોરને ખુલ્લા પાડશે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧

નાગરિકોના વોટના હક્ક અને અધિકારના રક્ષણ માટે અને વોટ ચોરી સામેની લડાઈ માટેની વોટર અધિકાર જનસભા'ને સંબોધન કરતા રાજ્યસભા સાંસદ, અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ મહાસચિવ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિન સંગઠન પ્રભારી મુકુલ વાસનિકજીએ જણાવ્યું હતું કે જનનાયક, લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ 'વોટ ચોરી'નું કૌભાડ સમગ્ર દેશના લોકો સામે ખુલ્લું પાડ્યું છે.

આજ દેશમાં લોકશાહી પર મોટો પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે. પહેલા ચૂંટણીપંચ વિપક્ષ સવાલનો જવાબ આપતું હતું. પરંતુ અત્યારે ચૂંટણીપંચ વિપક્ષનો જવાબ આપવાને બદલે શ્રી રાહુલ ગાંધીને ચેતવણી આપે છે કે ૭ દિવસમાં માફી માંગે નહીં તો કાર્યવાહી કરવામાં આવશે. દેશમાં જે રીતે વોટચોરી થઈ રહી છે તેને જોતા નૈતિકતાના ધોરણે વડાપ્રધાનને સત્તા પર રહેવાનો અધિકાર નથી.

વિધાનસભા ચૂંટણી હોય છે



લોકસભાની ચૂંટણીમાં ભાજપે વોટચોરી કરી છે. સમગ્ર દેશમાં જનનેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં વોટચોરીના ષડયંત્ર સામે જનતા રસ્તા ઉપર ઊતરી આવી છે. ગુજરાતમાં પણ કોંગ્રેસ દ્વારા જિલ્લે જિલ્લે આયોજિત મશાલ રેલી અને ધરણા કાર્યક્રમમાં પણ લોકો આક્રોશ સાથે મોટી સંખ્યામાં જોડાયા હતા. ત્યારે અમદાવાદ ખાતે વોટ ચોર, ગદ્દી છોડ×ના નારા સાથે યોજાયેલ ×વોટર અધિકાર જનસભા×ને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે દેશમાં હવે પરિવર્તન પવન ફૂંકાઈ રહ્યો છે.લોકસભા વિપક્ષ નેતા જનનાયક રાહુલ ગાંધીએ કર્ણાટકમાં વોટ ચોરી પકડી હતી. ગુજરાતમાં ચુટંણી પ્રચાર માટે જઈએ ત્યારે પરિણામ આપણી તરફે દેખાય પરંતુ પરિણામ તદન વિપરીત હોય. વોટ ચોરી પહેલા શંકા હતી ચૂંટણીમાં કાંઈક ખોટું થઈ રહ્યું છે.

પરંતુ હવે એ વાત સામે આવી છે કે ભાજપ પ્રજાના સાચા મતથી સત્તા પર બેઠા નથી. ગુજરાતમાં પણ વોટ ચોરી અંગે ચકાસણી કરતા નવસારી લોકસભામાં ૩૦ હજાર વધુ બોગસ, નકલી, વોટ ચોરી પકડાઈ હવે આ વોટ ચોરને પકડવાની શરૂઆત થઈ ગઈ છે. જુદી જુદી પાંચ પધ્ધતિ વોટ ચોરી કરવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ ઘરે ઘરે જઈ વોટર વેરિફિકેશન કરશે. ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં તમામ બૂથમાંથી વોટચોરી પડકવામાં આવશે.જેના ભાગરૂપે ગુજરાતમાં વોટચોરી પડકવામાં કોંગ્રેસ પક્ષ 'વોટર અધિકાર યાત્રા' કરશે. તારીખ ૮ સપ્ટેમ્બરે ગાંધીનગર વિધાનસભા ઘેરાવ કાર્યકમ કરવામાં આવશે જેમાં લોકોને જોડાવા આહવાન કર્યુ છે.

ગુજરાતમાં બેફામ ભ્રષ્ટાચાર, મોઘું શિક્ષણ, મોઘું આરોગ્ય, પ્રજા શાસકોથી ત્રસ્ત હોવા છતાં ૧૫૬ આવે એટલે લાગે કે દાળમાં ચોક્કસ કંઈક કાળું હોય. ચોર્યાસી વિધાનસભા પ્રમાણે વોટ ચોરી કરી હોય તો ગુજરાતમાં ૬૨ લાખ ગાલમેલ, શંકાસ્પદ વોટરો જોવા મળે. ગુજરાતમાં ૧૦૦ વર્ષથી રહેતા હતા તેમના મકાન તોડવામાં આવ્યા છે.

અમદાવાદ ખાતે આયોજિત 'વોટર અધિકાર જનસભામાં' પૂર્વ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, ભરત સોલંકી, લોકસભા સાંસદ ગેનીબેન ઠાકોર, એ.આઈ.સી.સી મંત્રી ઉષાબેન નાયડુ, ભૂપેન્દ્ર મારવા, સુભાષિની યાદવ, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, પૂર્વ રાજ્યસભા સાંસદ ડો.એમિબેન યાજ્ઞિક, કાર્યકારી અધ્યક્ષ ડો.ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, જીગ્નેશ મેવાણી, હિંમતસિંહ પટેલ, ઋત્વિજ મકવાણા, અમદાવાદ શહેર પ્રમુખ સોનલબેન પટેલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણ સહિત કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો, જિલ્લા પ્રમુખો, ચૂંટાયેલા કોર્પોરેટરો, સેલ-ડિપાર્ટમેન્ટના વડાશ્રી, પદાધિકારીઓ, આગેવાનો અને મોટી સંખ્યામાં સમગ્ર ગુજરાતમાંથી કાર્યકરમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# જગતમાં જ્યાં સુધી મનુષ્ય કોઈ જીવનો છે ત્યાં સુધી ભગવાનનો થઈ શકતો નથી



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



ગઈકાલથી ભાદરવી પૂનમનો પદયાત્રીઓના મેળાની વિધિ વિધાન પૂર્વક શરૂઆત જિલ્લા કલેકટરે કરવી સાથે સાથે હિંદવા પીર બાબારી રામદેવજીના નોરતાં પુરા થતાં રામદેવ પીરના મંદિરે ભક્તિભાવ પૂર્વક નેજા ચડાવવામાં આવ્યા ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભગવાન જેને મારો કહે તેનો બેડો પાર છે.સાધારણ વ્યવહારમાંપણ કોઈ કોઈને જલદી કહેતું નથી કે, તું મારો છે.જીવ મંદિરમાં જઈને ભગવાન ને કહે છે,હું તારો છું અને ઘરે આવીને બબલીની બાને કહે છે હું તારો છું.મંદિરમાં જે ભગવાનનો હતો તે ઘરે આવ્યા પછી બીજાનો થઈ ગયો,એટલે ભગવાન પ્રસન્ન થતાં નથી અને કહેતા નથી કે તું મારો છે. ભગવાનને કોઈ એમ કહેતા નથી કે, હું તમારો જ છું અને બીજા કોઈનો નથી. જગતમાં જ્યાં સુધી મનુષ્ય કોઈ જીવનો છે ત્યાં સુધી ભગવાનનો થઈ શકતો નથી. ભગવાનને રોજ મનાવો કે એક વાર કહી દો કે,તું મારો છે. ભગવાન જ્યારે કહે કે, તું મારો છે,ત્યારે બ્રહ્મસંબંધસાચો

તુલસીદાસજીએ કહ્યું છે કે, મારા જેવા કામીને મારો કહેતાં રામજી ને શરમ આવે છે,પણ હું તો આપ રાજાધિરાજનાં આંગણામાં બેઠેલો કૂતરો છું.તુલસી કૂત્તા રામકા ! મેં તમારો પટ્ટો ગળામાં રાખ્યો છે.હું કૂતરો છું.પણ રામજીનો છું. હું પાપી છું પણ તમારો છું.

ભોગમાં સંતોષ માનજો,પણ ભગવાનના ભજનમાં કોઈ દિવસ સંતોષ માનશો નહીં.ભક્તિમાં સંતોષ માને એ પ્રભુના માર્ગમાં આગળ વધી શકતો નથી. ભક્તિ એવી કરો કે,ભગવાનને તમારું સ્મરણ થાય,ભગવાન તમને યાદ કરે.

ઉદ્ધવજી કહે છે, વિદુરજી, તમે ભાગ્યશાળી છો. ભગવાને એક વખત નહીં,પણ ત્રણ વખત તમને યાદ કરેલા. ભગવાને તમારા માટે મૈત્રેયજીને ખાસ આજ્ઞા કરી છે કે, મારો વિદુર તમને મળે ત્યારે આ ભાગવતધર્મનું જ્ઞાન તેને આપજો.

આ વાત વિદુરજીએ સાંભળી ત્યારે વિદુરજી મૈત્રેયઋષિના આશ્રમમાં જવા નીકળ્યા. યમુનાજીએ કૃપા કરી વિદુરજીને ભક્તિનું દાન કર્યુ.યમુનાજીએ નવધા ભક્તિ આપી,પણ જ્ઞાન- વૈરાગ્ય વગર ભક્તિ થતી નથી. જ્ઞાનવૈરાગ્યનું દાન ગંગાજી કરે છે

વિદુરજી ગંગાકિનારે મૈત્રેયઋષિના આશ્રમમાં આવે છે.ગંગાજીનો બહુ મોટો મહિમા છે. વિદુરજીએ ગંગાજીમાં સ્નાન કર્યું. વિદુરજી વિચારે છે કે,ગંગાકિનારાના આ પથ્થર ભાગ્યશાળી છે. મૈત્રેયઋષિ જેવાનાં ચરણ આ પથ્થર ઉપર પડતાં હશે.આ પથ્થરો ઉપર વૈષ્ણવોની ચરણની રજ પડે છે.મૈત્રેયઋષિ મનેઉપદેશ આપશે કે નહીં.ભલે હું જાતિહીન છું, પણ હું કર્મહીન નથી. હું પાપી છું, અધર્મી છું પણ પરમાત્માએ મને અપનાવ્યો છે. એટલે જરૂર મૈત્રેયઋષિ મને આપશે. ભક્તિમાર્ગ એક જ કારણથી શ્રેષ્ઠ છે કે, જ્યાં સુધી પરમાત્માનું પ્રત્યક્ષ મિલન ન થાય ત્યાં સુધી ભક્ત એમ જ માને છે કે, પરમાત્માનું મિલન થતું નથી તેમાં મારો જ દોષ છે. ભક્તિમાં દૈન્ય આવે છે.જ્ઞાનમાર્ગમાં યોગી બ્રહ્મ રૂપ થવા લાગે છે અને ત્યારે કેટલાકમાં અભિમાન આવે છે અને તે પડે છે. આશ્રમમાં આવી વિદુરજી મૈત્રેયજીને સાષ્ટાંગ પ્રણામ કરે છે.

મૈત્રેયઋષિ કહે છે, વિદુરજી, હું તમને ઓળખું છું.તમે કાંઈ સાધારણ મનુષ્ય નથી.તમે યમ રાજાનો અવતાર છો.માંડવ્યઋષિ ના શ્રાપથી તમારો આ દાસી પુત્ર તરીકે શૂદ્રને ઘરે જન્મ થયો છે.

એક વખત કેટલાક ચોરો ખજાના માંથી ચોરી કરી નાસવા લાગ્યા. રાજાના સેવકો ચોરોને પકડવા તેમની પાછળ પડયા.ચોરો ગભરાયા.રસ્તામાં માંડવ્ય ઋષિનો આશ્રમ આવ્યો. ચોરોએ તેમની પાસે જે સઘળું ધન, ઝવેરાત હતું તે માંડવ્યઋષિના આશ્રમમાં ફેંકી તેઓ નાસી ગયા પાછળથી રાજાના સૈનિકો આશ્રમમાં આવી પહોંચ્યાંઆશ્રમમાં રાજખજાનાનું સઘળું ઝવેરાત જોઈ તેઓએ માન્યું કે,આ ચોરી માંડવ્યઋષિએ જ કરી છે.તેઓએ માંડવ્યઋષિને પકડયા. સઘળાં ઝવેરાત સાથે રાજાસમક્ષ માંડવ્યઋષિને હાજર કરવામાં આવ્યા. રાજાએ તેમને શૂળી પર ચઢાવવાની સજા કરી. માંડવ્યઋષિને શૂળી પર ચઢાવવા માં આવ્યા.માંડવ્યઋષિ શૂળી ઉપર મંત્રનો જપ કરે છે. માંડવ્યઋષિ મૃત્યુ પામતા નથી. હવે રાજા ગભરાયો. ઋષિને શૂળી ઉપરથી નીચે ઉતરાવ્યા. સઘળી હકીકત જાણી રાજાને દુઃખ થયું, માફી માગી.

માંડવ્યઋષિ કહે છે, રાજન, તને ક્ષમા આપીશ પણ હું યમરાજાને પૂછું આવું કે મને શા માટે સજા કરાવી? મેં કોઈ પાપ કર્યું નથી. હું ચમરાજ ન્યાયાધીશને આજે સજા કરીશ.પોતાના ચારિત્ર્ય ઉપર કેવો દઢ વિશ્વાસ!ભરત ખંડનો પવિત્ર બ્રાહ્મણ આજે યમરાજ ન્યાયાધીશનો જવાબ માગવા જાય છે.

માંડવ્યઋષિ યમરાજના દરબાર માં આવ્યા. આવીને યમરાજને પૂછે છે, મેં બિલકુલ પાપ કર્યું નથી.તો મને શા માટે શૂળીએ ચઢાવ્યો.શૂળ ઉપર ચઢાવવાની સજા મને મારા કયા પાપ અંગે કરવામાં આવી યમરાજા ગભરાય છે.યમરાજાએ વિચાર્યું કે,ભૂલ થઈ એમ કહીશ તો શ્રાપ આપશે. એટલે કહે કે, તમે ત્રણ વર્ષના હતા ત્યારે તમે એક પતંગિયાને કાંટો ભોકેલો, તેની તમને આ સજા કરવામાં આવી છે.પાપ જાણીને કરોકે અજાણતાં,પાપની સજા જરૂર ભોગવવી પડે છે. ભગવાન પાપ લેતા નથી. પુણ્ય ભોગવવાની ઈચ્છા ન કરો તો ચાલે, પણ પાપ તો ભોગવવું જ પડશે. પુણ્ય શ્રીકૃષ્ણાર્પણ થઈ શકે છે. પાપ શ્રીકૃષ્ણાર્પણ થઈ શકતું નથી. પાપ તો ભોગવે જ છૂટકો.ભોગવ્યા વગર પાપનોનાશ થતો નથી.લોકો સાંજે દુકાનેથી ઘરે જતી વખતે મંદિરમાં જાય છે. ભગવાનને હાથ જોડી કહે છે આખા દિવસમાં જે જૂઠું બોલ્યો લોકોન છેતર્યો, જે કાળાં-ધોળાં કર્યાં હોય,તે બધું હે નાથ,હું તમને અર્પણ કરું છું.પણ ભગવાન પાપ લેતા નથી. સામાન્ય સરકાર પણ કોઈને સજા કરવામાં આવી હોય, તે સજા પરત લેતી નથી. ભગવાન કહે છે, કેવો મૂર્ખ છે? મને પાપ અર્પણ કરવા આવ્યો છે. પરમાત્માને હંમેશા પુણ્ય અર્પણ કરજો. પાપ હું ભોગવીશ અને પુણ્ય ઠાકોરજીને અર્પણ કરીશ.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## પીલવાઈ ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ૭૬મા વન મહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઈ

# પીએમએ બિન પરંપરાગત સ્ત્રોતના ઉપયોગની અપીલ કરી વાતાવરણમાં કાર્બન વાયુ ઘટાડવા માટેની સમસ્યાના સમાધાનની શરૂઆત કરાવી

**પ્રધાનમંત્રીએ વન મહોત્સવનને માત્ર પ્રણાલી તરીકે નહીં ઉજવતા લોકોત્સવ તરીકે ઉજવણીની શરૂઆત કરાવી રાષ્ટ્રના હિત સાથે જોડવાનું કામ કર્યું**





(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવાઈ ખાતે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના ૭૬મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આપણા સવાયા ગુજરાતી કનૈયાલાલ મુનશીએ શરૂ કરેલ વન મહોત્સવ આજે સામાજિક અભિયાન બની ગયો છે, તેમણે ઉમેર્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વન મહોત્સવનને માત્ર પ્રણાલી તરીકે નહીં ઉજવતા લોકોત્સવ તરીકે ઉજવણીની શરૂઆત કરાવી રાષ્ટ્રના હિત સાથે જોડવાનું કામ કર્યું છે.મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીએ બિન પરંપરાગત સ્ત્રોતના ઉપયોગની અપીલ કરી વાતાવરણમાં કાર્બન વાયુ ઘટાડવા માટે માટેની સમસ્યાના સમાધાનની શરૂઆત કરાવી, સમગ્ર વિશ્વને હરિત ઊર્જાનો સંદેશો આપ્યો છે.

મંત્રીશ્રીએ પશુપાલન સાથે વૃક્ષ પાલનના મંત્રને ચરિતાર્થ કરી હરિયાળો જિલ્લો,રાજ્ય અને રાષ્ટ્રના નિર્માણમાં સહયોગ આપવા નાગરિકોને અનુરોધ કર્યો હતો

આ તકે પ્રધાનમંત્રીશ્રીએ આપેલ નવ સંકલ્પોનું પાલન કરી ઉન્નત રાષ્ટ્રના નિર્માણમાં સહયોગ આપવા મંત્રીશ્રીએ નાગરિકોને અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત સંસ્કૃતિ વન,ધાર્મિક સ્થળોએ વૃક્ષારોપણ,એક પેડ માઁ કે નામ, પરીવારમાં સારા નરસા પ્રસંગોએ વૃક્ષનું વાવેતર અને તેની જાળવણી માટે મંત્રીશ્રીએ અપીલ કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી સી.જે. ચાવડાએ ૭૬ મા વન મહોત્સવ અંતર્ગત નાગરિકોને વધુમાં વધુ વૃક્ષ વાવવા અને તેના સંવર્ધન કરવા અપીલ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન ચીફ પ્રોજેક્ટ ડાયરેક્ટર પીએમયુ ગાંધીનગરના એસ.કે શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ઋતુચક્ર પરિવર્તનથી વાતાવરણમાં અંગારવાયુંનું પ્રમાણ વધ્યું છે, જેને ઘટાડવાનો એકમાત્ર ઉપાય વૃક્ષોનું વાવેતર અને સંવર્ધન છે.વન વિભાગ દ્વારા વૃક્ષોના વાવેતર માટે નજીવી કિંમતે રોપા આપવામાં આવે છે , આ અંગેની માહિતી માટે નાગરિકો કયું આર કોડ સ્કેન કરી નજીકની નર્સરીના લોકેશન વિશે માહિતગાર થઈ શકે છે. આ ઉપરાંત વિભાગના સંપર્ક નંબર ૮૩ ૨૦૦૦ ૨૦૦૦ પર મિસકોલ એસએમએસ, અને whatsapp કરીને પણ લિંક મંગાવી શકાય છે તેમ ઉમેર્યું હતું.વધુમાં વન વિભાગ દ્વારા ૨૪ કલાક કાર્યરત ૧૯૨૬ નંબર અંગેની પણ માહિતી આપી હતી.કાર્યક્રમમાં વન વિભાગ દ્વારા વિવિધ તાલુકા પંચાયતોને વન વિભાગ દ્વારા જે વૃક્ષોની આવક થઈ તેની રકમ તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને વિકાસના કામો માટે અર્પણ કરાઈ હતી.

કાર્યક્રમ દરમિયાન આરોગ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ નિશુલ્ક રોપાવિતરણ પર્યાવરણ રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું, તેમજ આરોગ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવો દ્વારા શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.વિસનગર તાલુકાના ગુંજા અને વિજાપુર તાલુકાના ગુંછડી ગામ દ્વારા વન વિભાગને બિન ઉપજાઉ જમીન આપી હતી. જેમાં વન વિભાગ દ્વારા ગુંજા ગામે ૩૩,૯૭૨ અને ૩૧,૩૮૩ વૃક્ષોનું વાવેતર કરેલ છે, જે નવતર પ્રયોગના પેમ્ફલેટનું વિમોચન મહાનુભાવોના હસ્તે કરાયું હતું.


કાર્યક્રમમાં ગ્રીન એમ્બેસેડર જીતુભાઈ પટેલે વૃક્ષોનું વાવેતર, જતન,સંવર્ધન સ્વચ્છતા સહિતના સંકલ્પોના સામુહિક શપથ લેવડાવ્યા હતા.આ પ્રસંગે પીલવાઈ ગામે આવેલ શેઠ જી.સી હાઈસ્કુલ ખાતે કુસુમ વનના નિર્માણની જવાબદારી રાજ્યસભાના સાંસદશ્રી મયંક નાયકે સ્વીકારી હતી, જેનો હાઈસ્કૂલના ટ્રસ્ટીઓ,શિક્ષકો દ્વારા આભાર વ્યક્ત કરાયો હતો.વન અધિકારી બિન્દુબેન પટેલે વન વિભાગની વિવિધ યોજનાથી નાગરિકોને માહિતગાર કર્યા હતા, આ ઉપરાંત તેમણે ૩૩ ટકા વન વિસ્તાર વધારવા પણ ખાસ અપીલ કરી હતી.આ પ્રસંગે ગ્રીન એમ્બેસેડર જીતુભાઈ પટેલ અને વૃક્ષ પ્રેમી કૃણાલબેન ઠાકરનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ, સાંસદશ્રી હરિભાઈ પટેલ, રાજ્યસભા સાંસદશ્રી મયંક નાયક, ધારાસભ્ય સર્વે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, જિલ્લા કલેકટરશ્રી એસ.કે પ્રજાપતિ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકી, જિલ્લા પંચાયત સદસ્યશ્રી મુકેશ ચૌધરી, ગામના સરપંચશ્રી સહિત અગ્રણીઓ અધિકારીઓ પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# થરા નગરમાં ૪૦ થી ૫૦ જેટલી ગાયોમાં લમ્પી વાયરસના લક્ષણો જાણતા પશુપાલકોમાં દોડધામ

(ગરવી તાકાત) થરા તા.૧

કાંકરેજ તાલુકાના થરા નગરમાં ફરીવાર ગાયોમાં લમ્પી વાયરસે દેખાદેતાં આ વિસ્તારના પશુ પાલકો, ગૌશાળા પાંજરાપોળ સંચાલકો,ગૌ પ્રેમીઓ ચિંતા વધારી છે.



નગરમાં રખડતી ચાલીસથી પચાસ જેટલી ગાયોમાં લમ્પી વાયરસના લક્ષણો જાણતા દોડધામ મચી જવા પામી છે જયારે કામધેનુ ગૌ સેવા સમિતિ થરાના ગૌ રક્ષકો દ્વારા અસરગ્રસ્ત ગાયોને સારવાર આપવામાં આવી. અસરગ્રસ્ત બે ગાયોને તાત્કાલિક થરા શ્રી કૃષ્ણ ગૌ શાળા લઈ જવામાં આવી

કામધેનુ ગૌ સેવા સમિતિ થરાના ગૌ સેવકો દ્વારા છ લમ્પીગ્રસ્ત ગાયોને થરા રાણકપુર અને જાખેલ ગામે એમ્બ્યુલન્શ તેમજ ખાનગી વાહન દ્વારા સ્વ ખર્ચ સારવાર કરવામાં આવી, હજી ઘણી ગાયોમાં ગંભીર તેમજ જીવલેણ સાબિત થતો લમ્પી વાયરસ અન્ય પશુમાં ફેલાય તે પહેલાં સરકાર તેમજ જે તે એનિમલ ડોક્ટરો દ્વારા રસી તેમજ અન્ય દવાઓ દ્વારા સારવાર થાય તેવી ગૌ શાળા પાંજરાપોળ તથા ગૌસેવા સમિતિ થરાના ગૌ સેવકોની દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ભાંભૂડી વસાહત આંગણવાડીઅને પ્રાથમિક શાળાનો ઓરડો જર્જરીત

# આંગણવાડીનું મકાન નોન યુઝ કર્યે બે વર્ષ થયા છતાં વહીવટીતંત્ર કુંભકર્ણ નિંદ્રામાં

(ગરવી તાકાત) વિજયનગર તા.૧

વિજયનગર તાલુકામાં આદિવાસી અને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના નાના બાળકો પાયાનું શિક્ષણ આંગણવાડીમાં મેળવે તે હેતુ થી રાજ્ય સરકારદ્વારા પાકા મકાનો માટે સૌથીમોટા બજેટની ફાળવણી કરે છે.પરંતુ પરિસ્થિતિ ઠેર ની ઠેર છે. ત્યારે સરકારી તંત્રએ નાના ભૂલકાઓના પાયાના શિક્ષણ માટે ધ્યાન ન આપ્યું હોવાનું સામે આવ્યું છે. તાલુકાના આદિવાસી અને અંતરીયાળ વિસ્તારના ભાંભુડી વસાહત ગામની આંગણવાડીનો ઓરડો જર્જરીત બનતા છેલ્લા બે વર્ષથી નોન યુઝ કરાયો છે.આ ઓરડો ગમે તે ઘડીએ મોટી હોનારત સર્જી શકે તેવી સ્થિતિએ હોઈ નાના ભૂલકાઓની સલામતિ માટે હાલ કાચા મકાનમાં બેસાડી પાયાનું શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે.પણ છૂટા છવાયા અને આદિવાસી વિસ્તાર હોવાના કારણે પાકુ મકાન ભાડે ન મળતા કાચા મકાનમાં બાળકોને બેસાડવામાં આવેછે. પણ બાળકોને



શૌચાલય જવા માટેની સગવડનો અભાવ અને પાણીની સમસ્યાના કારણે આંગણ વાડીમાં બાળકોની સંખ્યામાં ઘટાડો થયો હોવાનું ગામ લોકો તરફથી જાણવા મળી રહ્યુંછે. ત્યારે મહત્વની વાત એ છે કે જર્જરી ઓરડો નોન યુઝ કર્યે બે વર્ષ થવા આવ્યાછે.

છતાં તંત્ર ઓરડો દૂર કરી નવો બનાવવા માટે ઊગમાં રહ્યુંછે.ત્યારે બીજી બાજુ ભાંભુડી વસાહત પ્રા.શાળાનો ઓરડો પણ જર્જરિત હોવાના કારણે બાળકોને અંદર બેસાડવા જોખમી બન્યુંછે.જેથી ભાંભુડી વસાહત પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા અંદ્રોખા પંચાયતમાં ઠરાવ કરી તોડવા માટે તા .૧૩/૮/ ૨૦૨૫ ના રોજ લેખિત અરજી આપવામાં આવી છે. ત્યારે શાળાના બાળકોને પ્રાર્થનાસભા માટે બેસવાની સગવડતા નથી અને શાળામાં કાર્યક્રમો પણ થતા નથી જયારે બાળકોને મધ્યાહન ભોજન ક્યાં બેસાડીને આપવું તે માટે મોટી સમસ્યાછે.વરસતા વરસાદમાં બાળકો બેસવા મજબૂર બન્યાછે માટે પતરા વાળા શેડની અગ્રીમ જરૂરીઆત ઊભી થતા ગ્રામ પંચાયત દ્વારા પતરાનો શેડ ઊભો કરવામાં માટે માગણી કરવામાં આવી છે.

## જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ સક્ષમ શાળા કાર્યક્રમ યોજાયો

# મહેસાણા જિલ્લા કક્ષાએ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની ૮ શાળાઓને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

સમગ્ર શિક્ષા મહેસાણા અંતર્ગત જિલ્લાની સક્ષમશાળાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો.સક્ષમ શાળા× કાર્યક્રમ ધ્વારા રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ અનુસાર શાળામાં શિક્ષણ સાથે બાળકોને પર્યાવરણીય જ્ઞાન મળે અને તે મુજબ તેઓની જીવન જીવવાની કળાનો વિકાસ થાય તે માટે વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે.

જેમાં સ્વચ્છ, હરિત, સલામત અને સ્થાયી મુખ્ય ચાર ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ પાણી, શૌચાલય, આરોગ્ય રક્ષણ, હવા, જમીન, ઉર્જા, આબોહવા, જોખમ, સંરક્ષણ, સંચાલન, વર્તન, સમાવેશ જેવા જુદા-જુદા બાર ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે.

"સક્ષમ શાળા× કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના તમામ સી.આર.સી.કો.ઓર્ડીનેટર, તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના આચાયશ્રી તેમજ તે જ શાળાના એક શિક્ષક(ફોકલ પોઈન્ટ ટીચર)ને પણ સક્ષમ શાળા કાર્યક્રમની તાલીમ આપી સુસજ્જ કરવામાં આવેલ છે.

સમગ્ર શિક્ષા દ્વારા સક્ષમ શાળાના ૧૨ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને



એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ હતી. આ એપ્લીકેશનમાં ૧૦૦ પ્રશ્નો આપવામાં આવ્યા હતા.

મહેસાણા જિલ્લા કક્ષાએ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની ૮ શાળાઓને આ પ્રસંગે પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવી. જેમાં પ્રથમ સ્થાન મેળવનારને ૩૧ ૦૦૦ રૂ., દ્વિતીય સ્થાન મેળવનારને ૨૧૦૦રૂ.અને તૃતીય સ્થાન મેળવનારને ૧૧૦૦૦ રૂ. સન્માનિત રાશી આપવામાં આવી હતી. તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવનાર ૧૦ શાળાઓને ૧૧૦૦૦ રૂ. સન્માનિત રાશી આપવામાં આવી હતી.

ગણપતિ યુનિવર્સિટી ખેરવા ખાતે યોજાયેલા જાજરમાન કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી બી એન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. શરદભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે હાલના સમયમાં શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં અપેક્ષિત કહી શકાય તેવી સ્વચ્છતા, હરિયાળી ,સલામતી અને ટકાઉપણા જેવી બાબતોનો સમાવેશ સક્ષમ પ્રોજેક્ટમાં કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શાળાઓને અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાયશ્રી વિનોદ અઢીયોલ અને જિલ્લાના તમામ ટીપીઈઓ,બીઆરસી કો. ઓ,સીઆરસી કોઓ અને સમગ્ર શિક્ષાની ટીમના સભ્યો હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ નું સફળ આયોજન સમગ્ર શિક્ષાના મુકેશસિંહ રાઠોડ અને ટીમ દ્વારા કરવામાં આવું.


પશ્ચિમ રેલ્વે - અમદાવાદ વિભાગ

ઇલેક્ટ્રિક લોકોમોટિવ્સના પેઇન્ટિંગ અને રેટ્રો રિફ્લેક્ટિવ ટેપ અને સ્ટીકરોની જોગવાઈ માટે વર્ક્સ કોન્ટ્રાક્ટ

ટેન્ડર નંબર: M-ELS-VTA-24-25-PuPaint તારીખ 26.08.2025

કામનું નામ: ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા ખાતે 02 વર્ષ માટે PU (પોલીયુરેથીન) પેઇન્ટથી ઇલેક્ટ્રિક લોકોમોટિવ્સ પેઇન્ટિંગ અને રેટ્રો રિફ્લેક્ટિવ ટેપ અને સ્ટીકરોની જોગવાઈ માટેનો કરાર.

કામની અંદાજિત ખર્ચ: ૨૨૪૬૮૨૨.૪૨/-

ટેન્ડર દસ્તાવેજની કિંમત: શૂન્ય

અર્નેસ્ટ મની ડિપોઝિટ: ૪૪૯૦૦.૦૦/-

પૂર્ણતાનો સમયગાળો: ૨૪ મહિના

ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ: ૧૮/૦૯/૨૦૨૫ બપોરે ૨:૦૦ વાગ્યે

વેબસાઇટની વિગતો: www.ireps.gov.in

ટેન્ડર આમંત્રણ આપનાર અધિકારી અને તેનું સંપૂર્ણ સરનામું: સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા, સિનિયર ડીએમઇ/ઇએલએસ/વીટીએનું કાર્યાલય, ઇલેક્ટ્રિક લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલ્વે, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૪૪૫

facebook.com/WesternRly • અમને અનુસરો: twitter.com/WesternRly


## હોન્ડા સિટી કારમાંથી ૨.૭૩ લાખના વિદેશી દારૂ સાથે એક આરોપી ધરપકડ

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની સૂચના મુજબ દારૂ અને જુગારના ગુનાઓ શોધવા માટે વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફે પાલનપુર શહેરના પશ્ચિમ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મોટી કાર્યવાહી કરી છે.

બાતમીના આધારે સીએનજી પેટ્રોલ પંપની સામે અવતાર પાન પાર્લર નજીક એલિવેટેડ બ્રિજ નીચેથી એક હોન્ડા સિટી કાર (જીજે-૦૮-એચ-૩૩૭૭) ને રોકી તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૮૧૩ બોટલ મળી આવી હતી. દારૂની કિંમત રૂ. ૨,૭૩,૯૮૧ અને કાર સહિત કુલ મુદ્દામાલની કિંમત રૂ. ૫,૮૩,૯૮૧ થવા જાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઇડર તા.ના ગાંઠિયોલ ગામના જય અંબે યુવા જૂથ દ્વારા વિસામો કરાયો


(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૧

સાબરકાંઠા ઈડર તાલુકાના ગાંઠિયોલ ગામ ના જય અંબે યુવા જૂથ દ્વારા પદયાત્રીઓ માટે વિસામા નું આયોજન કરવામાં આવ્યું છે આ વિસામા ને છેલ્લા પાંચ વર્ષથી કરવા માં આવે છે આ વર્ષે ગરમા ગરમ બટાકા પૌવા,ગોટા,ચા તથા મિનરલ પાણી ની વ્યવસ્થા કરવા માં આવી છે.ગાંઠીયોલ ગામના વડીલો થી લઈને યુવા ગ્રુપ ના સાથ સહકારથી આ વિસામા નું આયોજન કરવા માં આવેલ છે ગામ ના યુવાનો વડીલો પદયાત્રીઓ ની દિવસ-રાત ખડે પગે સેવા કરી રહ્યા છે.

### ધોલવાણી બિરસા મુંડા ખાતે આદિવાસી પ્રમાણપત્ર આપી સન્માન કરાયા



(ગરવી તાકાત) વિજયનગર તા.૧

સમગ્ર વિશ્વભરમાં ૯મી ઓગસ્ટ આદિવાસીદિન ઉજવાયો હતો .જે અંતર્ગત ભિલોડા તાલુકામાં પણ ધામ ધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આદિવાસી સમાજની પારંપારિક સંસ્કૃતિની જાળવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જે કાર્યક્રમમાં ભાગ લેનાર ટીમના સન્માન સમારોહનું આયોજન ભિલોડા આદિવાસી એકતા મંચ દ્વારા શનિવારે ધોલવાણી બિરસા મુંડા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ગુ.રાજ્યના આદિવાસી એકતા મંચ પ્રમુખ શર્મિલાબેન કટારા, ભિલોડા આદિ.એકતા મંચ પ્રમુખ ઉષાબેન મોરી, ભિલોડા તાલુકા કોગ્રેસ સમિતિના પ્રમુખ જ્યોતિકા બેન ફનાત, ડો.રાજન ભગોરા, પી.જી.અસારી, મગનભાઈ પરમાર, સુભાષભાઈ તબીયાડ ઉપસ્થિત રહ્યા હતા. જે કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહેલા બાળકો અને ભાઈ, બહેનોને આદિવાસી પ્રમાણપત્ર આદિવાસી એકતા મંચ દ્વારા આપી સન્માન કરવામાં આવ્યા હતા.

### સાબકાંઠાના લક્ષ્મણગઢ ગામે રામદેવપીર મંદિરે શોભાયાત્રાનું આયોજન કરાયું



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૧

ઈડર તાલુકાના લક્ષ્મણ ગઢ ગામે આવેલ રામદેવપીર મંદિર ખાતે જય બાબા રામદેવ યુવક મંડળ ના દેવીપૂજક સમાજના ભાઈ બહેનો દ્વારા ભાદરવા સુદ નોમ ને સોમવાર ના રોજ શોભાયાત્રા સહિત મંદિર શિખરે નેજા ચડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઈડર તાલુકામાંથી દેવી પૂજક સમાજના ભાઈ બહેનો નેજા લઈ લક્ષ્મણ ગઢ ગામના રામદેવપીર મંદિરે પગપાળા પહોંચ્યા હતા. મંદિર ખાતે મહાપ્રસાદનું આયોજન પણ કરાયું હતું. મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી રામદેવપીર ઉત્સવમાં હાજર રહી ભક્તિભાવ માં લીન બન્યા હતા.

### હિંમતનગર-વિજાપુર હાઈવે પર CNG ઈકોમાં આગ

### ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી ગાડીમાંથી કૂદી પડ્યો, ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લીધી



(ગરવી તાકાત) ઈડર તા.૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-વિજાપુર હાઈવે પર પોલાજપુર નજીક સોમવારે બપોરે એક CNG ઈકો ગાડીમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી.ઘટના સમયે ઈકો ગાડીમાં માત્ર ડ્રાઈવર જ સવાર હતો. ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને તરત જ ગાડી છોડી દીધી હતી. આથી કોઈ જાનહાનિ થઈ ન હતી.આગની જાણ થતાં હિંમતનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લીધી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

Volume : 11 Issue : 139 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002